અનુસંધાન ... પાના પહેલાનું

આ ઉત્પાદનોને...

(MEG) અને ફિનોલનો સમાવેશ થાય છે. એસિટિક એસિડ, વિનાઇલ એસિટેટ મોનોમર, શુદ્ધ ટેરેફ્થેલિક એસિડ (PTA), એમોનિયમ નાઇટ્રેટ, ઇથિલિન પોલિમર, ઇપોક્સીરેઝિન, ફોર્માલ્ડીહાઇડ, યુરિયા ફોર્માલ્ડીહાઇડ, મેલામાઇન ફોર્માલ્ડીહાઇડ અને ફિનોલ ફોર્માલ્ડીહાઇડ જેવા ઉત્પાદનોનો પણ આ યાદીમાં સમાવેશ થાય છે.

બંગાળમાં અદાલતી...

કોશિશ કરી હતી. તેમને સુરક્ષિત રીતે બહાર કાઢવા માટે અમારા જવાનોએ હળવો બળપ્રયોગ કરવો પડ્યો હતો. એવા પણ આક્ષેપો થયા હતા કે આ હોબાળા દરમિયાન વાહનોની અડફેટે આવવાથી કેટલાક પ્રદર્શનકારીઓ ઘાયલ થયા છે. જોકે, હજુ સુધી આ વાતની પુષ્ટિ થઈ નથી.

અવકાશયાત્રીઓ ચંદ્ર...

તેઓ મુખ્ય એન્જિન શરૂ કરતા પહેલા કેપ્સ્યુલની તપાસ કરશે. પછી તેઓ આ એન્જિન શરૂ કરશે, જે તેમને ચંદ્ર તરફ આગળ ધપાવશે. ૧૯૬૮માં નાતાલની પૂર્વસંધ્યાએ એપોલો ૮ ના પ્રવાસીઓએ જે રીતે ચંદ્રની આસપાસ ભ્રમણ કર્યું હતું અને બાઇબલના 'જેનેસિસ'નું પઠન કર્યું હતું, તેમ આ ટીમ ચંદ્રની ભ્રમણકક્ષામાં રોકાશે નહીં. પરંતુ, તેઓ ઇતિહાસમાં સૌથી વધુ અંતર કાપનારા માનવીઓ બની શકે છે, કારણ કે તેમનું કેપ્સ્યુલ ચંદ્રની પાછળથી પસાર થઈને તેનાથી વધુ ૪,૦૦૦ માઇલ(૬,૪૦૦ કિમી) દૂર જશે. ત્યાંથી યુ-ટર્ન લઈને તેઓ સીધા જ પેસિફિક મહાસાગરમાં લેન્ડિંગ (સ્પ્લેશડાઉન) માટે પૃથ્વી તરફ પાછા ફરશે.

ટ્રમ્પે યુદ્ધના...

એક નોંધપાત્ર દિવસની પૂર્ણાહુતિ સમાન હતું. પોતાના સંબોધનમાં ટ્રમ્પે ઇરાનમાં પાયદળ ઉતારવા અંગેની કોઇ વાત કરી ન હતી કે આ યુદ્ધ ક્યારે પુરુ થશે તેની કોઇ તારીખ પણ જણાવી ન હતી. યુદ્ધ શરૂ થયા પછી વ્હાઇટ હાઉસમાંથી કરેલા પ્રથમ પ્રાઇમ ટાઇમ સંબોધનમાં ટ્રમ્પે નાટો સંગઠનની પણ કોઇ સીધી ટીકા કરી ન હતી, જે સંગઠનની તેઓ આ યુદ્ધમાં અમેરિકાને સાથ નહીં આપવા બદલ ટીકા કરતા આવ્યા છે.

તમે નાટોને...

તે વિશ્વાસ જેના પર તેઓ ટકેલા છે, અને સૈન્ય તેમજ વ્યૂહાત્મક બાબતોમાં ઘણીવાર આવું જ બનતું હોય છે. તેમણે ઉમેર્યું, જો તમે દરરોજ તમારી પ્રતિબદ્ધતા પર શંકા પેદા કરો છો, તો તમે તેના મૂળ તત્ત્વને નષ્ટ કરો છો. આપણે ગંભીર બનવાની જરૂર છે, અને જો તમે ગંભીર બનવા માંગતા હોવ, તો તમે જે એક દિવસ પહેલા કહ્યું હોય તેનાથી વિપરીત વાતો કરતા નથી ફરતા. મને લાગે છે કે અહીં વાતો વધારે પડતી થઈ રહી છે. મેક્રોને હોર્મુઝની સામુદ્રધુનીને બળપ્રયોગ દ્વારા ફરીથી ખોલવી અવાસ્તવિક ગણાવી હતી અને પત્રકારોને જણાવ્યું હતું કે આમ કરવાથી નૌકાદળ પર ઈરાની હુમલાઓનું જોખમ વધી જશે. તેમણે કહ્યું કે સામુદ્રધુનીને સુરક્ષિત કરવાનું કામ યુદ્ધવિરામ પછી ઈરાન સાથેના સંકલન દ્વારા જ થઈ શકે છે.

અમેરિકી દળો...

કહી ચૂક્યા હતા અને નવી વિગતો બહુ ઓછી આપી હતી. આ ભાષણથી જનતાના વલણમાં પરિવર્તન આવવાની શક્યતા ઓછી જણાતી હતી, કારણ કે પોલિંગ દર્શાવે છે કે ઘણા અમેરિકનો એવું અનુભવે છે કે અમેરિકી સેના ઈરાનમાં વધુ પડતી આગળ વધી ગઈ છે, અને સાથે જ ગેસ તથા તેલના ભાવ ઊંચા રહ્યા છે. વૈશ્વિક નાણાકીય બજારો પર તેની અસર તાત્કાલિક જોવા મળી હતી, જેમાં ટ્રમ્પની ઈરાન પર સખત પ્રહાર ચાલુ રાખવાની ટિપ્પણી બાદ તેલના ભાવમાં ૪% થી વધુનો ઉછાળો આવ્યો હતો અને એશિયન શેરબજારોમાં કડાકો બોલાયો હતો. ટ્રમ્પે કહ્યું, આજે રાત્રે, મને એ કહેતા આનંદ થાય છે કે આ મુખ્ય વ્યૂહાત્મક ઉદ્દેશ્યો પૂર્ણ થવાની નજીક છે. તેમણે માર્યા ગયેલા અમેરિકન સૈનિકોને પણ યાદ કર્યા અને ઉમેર્યું: અમે આ કામ પૂરું કરવા જઈ રહ્યા છીએ, અને અમે તેને ખૂબ ઝડપથી પૂરું કરીશું. અમે તેની ખૂબ નજીક પહોંચી રહ્યા છીએ.

હોર્મુઝ ખોલવાના...

પરિણામે ભારતના છ જહાજો સુરક્ષિત રીતે હોર્મુઝની સામુદ્રધુની પાર કરી શક્યા છે અને અમે સંબંધિત પક્ષો સાથે સંપર્ક જાળવી રાખ્યો છે. હોર્મુઝની સામુદ્રધુની વૈશ્વિક અર્થતંત્ર માટે નિર્ણાયક છે કારણ કે વિશ્વના કુલ ઉર્જા પુરવઠાનો 20% હિસ્સો આ સાંકડા માર્ગ પરથી પસાર થાય છે. ઈઝરાયેલ અને અમેરિકા દ્વારા કરવામાં આવેલા હુમલા બાદ ઈરાને આ માર્ગ બંધ કરી દીધો છે. ભારત માટે સ્થિતિ વધુ નાજુક છે, કારણ કે ભારતની કુલ આયાતનું લગભગ 40% તેલ, 50% લિક્વિફાઈડ નેચરલ ગેસ (LNG) અને 80%થી વધુ લિક્વિફાઈડ પેટ્રોલિયમ ગેસ (LPG) આ જ માર્ગેથી પસાર થાય છે. બીજી તરફ, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ, જેઓ અત્યાર સુધી આ જળમાર્ગ ખોલવાને પોતાની પ્રાથમિકતા ગણાવતા હતા, તેમણે બુધવારે અચાનક પોતાનું વલણ બદલી નાખ્યું છે. પોતાની સોશિયલ મીડિયા વેબસાઇટ 'ટ્રુથ સોશિયલ' પર તેમણે યુકે સહિતના અમેરિકી સહયોગી દેશો પર પ્રહાર કરતા કહ્યું કે તેઓ પોતાનું તેલ જાતે મેળવી લે, અને સ્પષ્ટ કર્યું કે હવે અમેરિકા તેમને મદદ કરશે નહીં.

કેન્દ્રનો મોટો નિર્ણય :...

નાણા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને તેના પરિણામે વૈશ્વિક સપ્લાય ચેઈનમાં ઊભી થયેલી અડચણોને ધ્યાનમાં રાખીને સરકારે 30 જૂન સુધી મહત્વપૂર્ણ પેટ્રોકેમિકલ ઉત્પાદનો પર સંપૂર્ણ કસ્ટમ ડ્યુટી મુક્તિ આપવાનો નિર્ણય લીધો છે. પ્લાસ્ટિક, પેકેજિંગ, ટેક્સટાઈલ, ફાર્માસ્યુટિકલ્સ, કેમિકલ્સ, ઓટોમોટિવ કમ્પોનન્ટ્સ અને અન્ય ઉત્પાદન એકમો જેવા પેટ્રોકેમિકલ ફીડસ્ટોક અને ઈન્ટરમીડિએટ્સ પર નિર્ભર ક્ષેત્રોને આ ડ્યુટી મુક્તિનો લાભ મળશે, જેનો અંદાજિત ખર્ચ 1,800 કરોડ છે. આ પગલું ઘરેલું ઉદ્યોગો માટે કાચા માલની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા, ડાઉનસ્ટ્રીમ સેક્ટરમાં ખર્ચનું દબાણ ઘટાડવા અને દેશમાં સપ્લાયની સ્થિરતા જાળવવા માટે લેવામાં આવ્યું છે.

ક્યાક્ષેત્રોને ફાયદો થશે ?

સરકારના મતે, આ નિર્ણયથી પ્લાસ્ટિક, પેકેજિંગ, કાપડ, ફાર્માસ્યુટિકલ્સ, રસાયણો, ઓટોમેટિવકોમ્પોનન્ટ્સ અને અન્ય ઉત્પાદન ક્ષેત્રોને ફાયદો થવાની અપેક્ષા છે. તેનાથી અંતિમ ઉત્પાદન ગ્રાહકોને પણ રાહત મળવાની અપેક્ષા છે.

નિકાસકારોને પણ રાહત આપવાની પહેલ

ગયા મહિને, વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલય હેઠળ સરકારે 23 માર્ચથીRoDTEPયોજના હેઠળ તમામ પાત્ર નિકાસ ઉત્પાદનો માટે દર અને મૂલ્ય મર્યાદા પુનઃસ્થાપિત કરવાનો નિર્ણય લીધો હતો. તેનો હેતુ વધતાટ્રાન્સપોર્ટેશન ખર્ચ અને યુદ્ધ સંબંધિત વેપાર જોખમોનો સામનો કરી રહેલા ભારતીય નિકાસકારોને સમયસર રાહત આપવાનો છે, ખાસ કરીને ગલ્ફ અને પશ્ચિમ એશિયામાં દરિયાઈ માર્ગોમાંઅવરોધોને ધ્યાનમાં રાખીને.

આર્મેટિસ-રના...

નાસાના કેનેડી સ્પેસ સેન્ટર પરથી રવાના થયું હતું, જ્યાં આ નવા યુગના પ્રારંભના સાક્ષી બનવા માટે હજારો લોકો ઉમટી પડ્યા હતા. આસપાસના રસ્તાઓ અને દરિયા કિનારા પર પણ ભારે ભીડ જોવા મળી હતી, જે ૧૯૬૦ અને ૭૦ના દાયકાના 'એપોલો' મિશનની યાદ અપાવતી હતી. ચંદ્ર પર કાયમી માનવ ઉપસ્થિતિ સ્થાપિત કરવા તરફ નાસાનું આ અત્યાર સુધીનું સૌથી મોટું પગલું છે.

આર્ટેમિસ II એ ફ્લોરિડાના તે જ લોન્ચ સાઈટ પરથી પ્રયાણ કર્યું હતું જેણે ઘણા સમય પહેલા એપોલોના સંશોધકોને ચંદ્ર પર મોકલ્યા હતા. એપોલો મિશનના જે ગણ્યાગાંઠ્યા અવકાશયાત્રીઓ આજે જીવિત છે, તેમણે પણ આ નવી પેઢીના ભવ્ય સાહસને વધાવી લીધું હતું.

લોન્ચિંગ પહેલા કેટલીક ટેકનીકલ સમસ્યાઓ સર્જાઇ

દિવસની શરૂઆતમાં જ્યારે રોકેટમાં હાઇડ્રોજન ઇંધણ ભરવાનું શરૂ થયું ત્યારે તણાવ ઘણો વધારે હતો. આ વર્ષની શરૂઆતમાં કાઉન્ટડાઉન ટેસ્ટ દરમિયાન હાઈડ્રોજન લીક થવાની જોખમી ઘટનાઓ બની હતી, જેના કારણે ઉડાનમાં લાંબો વિલંબ થયો હતો. નાસા માટે રાહતની વાત એ રહી કે આ વખતે કોઈ મોટું હાઈડ્રોજન લીક થયું નહીં. લોન્ચિંગ ટીમે પેડ પર રહેલા ૩૨-માળના સ્પેસ લોન્ચ સિસ્ટમ રોકેટમાં ૭,૦૦,૦૦૦ ગેલનથી વધુ ઇંધણ (૨.૬ મિલિયન લિટર) લોડ કર્યું હતું, જે પ્રક્રિયા ખૂબ જ સરળતાથી પાર પડી હતી. ત્યારબાદ નાસાએ અંતિમ ક્ષણની કેટલીક ટેકનિકલ સમસ્યાઓ - જેવી કે બેટરી સેન્સરમાં ખામી અને રોકેટની ફ્લાઈટ ટર્મિનેશન સિસ્ટમ સુધી કમાન્ડ પહોંચાડવામાં અસમર્થતા - પર કાબૂ મેળવવો પડ્યો હતો. બંને કિસ્સાઓમાં, સમસ્યાઓ ઝડપથી ઉકેલાઈ ગઈ હતી, જેનાથી લોન્ચિંગ આગળ વધી શક્યું હતું.

દિલ્હી ડાયરી...

સ્થિતિમાં સત્તા રાજ્યપાલના હાથમાં જશે જે તેમના માટે ગેરફાયદાકારક સાબિત થઈ શકે છે.

નકસલવાદ ખતમ થયો હોય તો શોષણનો પણ અંત આવવો જોઈએ

નકસલવાદ એક એવો રાક્ષસ છે, જેનો જન્મ ગરીબ, વનવાસી, ભૂમિહીન મજૂરો અને દલિતોના શોષણમાંથી થાય છે. જંગલની જે જમીન છે, તેમાં વહેતી નદીઓ છે અને જમીન નીચે રહેલાં જે ખનિજો છે, તેની અસલી માલિક જંગલમાં વસતી પ્રજા છે. જમીનદારો, સરકારી અમલદારો અને ઉદ્યોગપતિઓ દ્વારા આ કુદરતી ખજાના પર લૂંટ ચલાવવામાં આવી, તેના નફામાં જમીનનાં મૂળ માલિકોને ભાગ ન આપવામાં આવ્યો અને ભાગ માગનારાં પર અત્યાચારો ગુજારવામાં આવ્યા ત્યારે તેમણે હાથમાં હથિયારો ધારણ કર્યાં અને તેઓ બળવાખોર બની ગયાં. આ બળવાખોરોને નકસલવાદી કે માઓવાદીનું નામ આપવામાં આવ્યું. આ નકસલવાદીઓના જે નેતાઓ થયા તેઓ પણ આગળ જતાં ગરીબોનું શોષણ કરવા લાગ્યા અને કરોડો રૂપિયાની સંપત્તિમાં આળોટવા લાગ્યાં. જો કોઈ વનવાસી આ નેતાના આદેશનો અનાદર કરે તો તેની ઉપર પણ અત્યાચારો ગુજારવામાં આવતા હતા. હવે ભારતના ગૃહમંત્રી અમિત શાહે સંસદમાં જાહેરાત કરી છે કે દેશમાંથી નકસલવાદ લગભગ ખતમ થઇ ગયો છે. જો ખરેખર દેશમાંથી નકલસવાદ ખતમ થઇ ગયો હોય તો તે મોટી ઘટના છે પણ જે શોષણના ચક્રને કારણે જંગલમાં રહેતાં લોકો નકસલવાદી બની જતાં હતાં, તે શોષણ નહીં બંધ થાય તો નકસલવાદ પાછો આવશે.

ગૃહમંત્રી અમિત શાહે ઓગસ્ટ ૨૦૨૪ માં માઓવાદને બે વર્ષમાં ખતમ કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. છેલ્લાં બે વર્ષમાં સુરક્ષા દળોએ માઓવાદ વિરોધી કાર્યવાહીને વધુ તીવ્ર બનાવી છે. નક્સલવાદને ખતમ કરવાની સમયમર્યાદા પહેલાં ગૃહમંત્રી અમિત શાહ દ્વારા સંસદમાં કરવામાં આવેલી જાહેરાતને નિર્ણાયક માનવામાં આવી રહી છે. આ બે વર્ષોમાં છત્તીસગઢમાં ૫૩૧ માઓવાદીઓ માર્યા ગયાં હતાં. તેમની મોટી સંખ્યામાં ધરપકડ કરવામાં આવી અને હજારો માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. માઓવાદી સંગઠનના ટોચના નેતાઓ, પોલિટબ્યુરો અને સેન્ટ્રલ કમિટીએ ૨૪ સભ્યો ગુમાવ્યા, જે કાં તો માર્યા ગયા અથવા આત્મસમર્પણ કર્યું.

ભારત સરકારના માઓવાદી વિરોધી અભિયાને મે ૨૦૨૫ માં માઓવાદીઓને સૌથી મોટો ફટકો માર્યો હતો, જ્યારે સીપીઆઈ (માઓવાદી) સંગઠનના મહાસચિવ નમ્બાલા કેશવ રાવ ઉર્ફે બસવરાજુ છત્તીસગઢના બસ્તર ક્ષેત્રના અબુઝહમાડમાં એક એન્કાઉન્ટરમાં સુરક્ષા દળો દ્વારા માર્યો ગયો હતો. ત્યાર બાદ, ઓક્ટોબર ૨૦૨૫ માં પોલિટબ્યુરો સભ્ય મલ્લોજુલા વેણુગોપાલ રાવે આત્મસમર્પણ કર્યું હતું. તે જ મહિનામાં અન્ય એક વરિષ્ઠ નેતા વાસુદેવ રાવે પણ આત્મસમર્પણ કર્યું હતું. નવેમ્બર ૨૦૨૫ માં છત્તીસગઢમાં સશસ્ત્ર માઓવાદીઓમાં સૌથી મોટું નામ અને સેન્ટ્રલ કમિટીના સભ્ય માધવી હિડમાની એન્કાઉન્ટરમાં હત્યાને પણ એક મોટો વળાંક માનવામાં આવ્યો હતો. ફેબ્રુઆરી ૨૦૨૬ માં, થિપિરી તિરુપતિ ઉર્ફે (દેવજી), જેમને સંગઠનના સંભવિત આગામી વડા માનવામાં આવતા હતા, તેમણે પણ આત્મસમર્પણ કર્યું હતું. આ સમયગાળા દરમિયાન સુરક્ષા દળોએ બસ્તર ક્ષેત્રમાં ૧૦૦ થી વધુ નવા કેમ્પ સ્થાપ્યા હતા અને લગભગ ૮,૦૦૦ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં તેમની પહોંચનો વિસ્તાર કર્યો હતો, જ્યાં અગાઉ રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારની હાજરી ખૂબ જ મર્યાદિત જણાતી હતી.

ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે ૨૦૧૪ પછી માઓવાદીઓ સામે સરકારી રણનીતિમાં મોટો ફેરફાર થયો છે. સુરક્ષાના મોરચે વધારાના ૫૯૬ પોલીસ સ્ટેશન બનાવવામાં આવ્યાં, સેંકડો નવા સુરક્ષા કેમ્પ સ્થાપિત કરવામાં આવ્યા અને ડ્રોન, ઉપગ્રહો અને ડેટા એનાલિટિક્સ જેવી ટેક્નોલોજીનો ઉપયોગ વધ્યો હતો. ૨૦૨૪ થી ૨૦૨૬ દરમિયાન દેશભરમાં ૭૦૬ નક્સલીઓ માર્યા ગયા, ૨,૨૧૮ની ધરપકડ કરવામાં આવી અને ૪,૮૦૦ થી વધુ માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું હતું. વિકાસના મોરચે ૧૭,૦૦૦ કિલોમીટરથી વધુ રસ્તાઓને મંજૂરી આપવામાં આવી હતી, જેમાંથી ૧૨,૦૦૦ કિલોમીટરનું નિર્માણ થઈ ગયું છે. લગભગ ૫,૦૦૦ મોબાઇલ ટાવર, હજારો બેંક શાખાઓ, ATM અને પોસ્ટ ઓફિસો પણ ખોલવામાં આવી હતી.

ટુ ધ પોઇન્ટ ■ સંજય વોરા ■

દેશમાં લગભગ ૭૫ ટકા નક્સલી પ્રવૃત્તિઓ છત્તીસગઢમાં કેન્દ્રિત હતી અને તેનો મોટો ભાગ બસ્તરમાં હતો. હવે બસ્તરના મોટા ભાગના માઓવાદી કેડરનો લગભગ નાશ થઈ ગયો છે, જે એક મોટો ફેરફાર છે. હવે છત્તીસગઢમાં માઓવાદી સંગઠનોના ફક્ત ૨૫ થી ૩૦ સભ્યો જ બચ્યા છે, જે કાંકેરની ઉત્તરે અને બીજાપુરની દક્ષિણમાં છે. જો કે, આ લોકો હવે કોઈ મોટી ઘટનાને અંજામ આપવાની સ્થિતિમાં નથી. તેમાંથી મોટા ભાગનાં લોકોએ હથિયારો છોડી દીધાં છે અને તેઓ સામાન્ય લોકો સાથે ભળી ગયાં છે. પહેલાં માઓવાદીઓની લડાઈ પાંખ (લશ્કરી માળખું) નેતૃત્વને મજબૂત બનાવતી હતી. જો કે, હવે તે પણ લગભગ સમાપ્ત થઈ ગઈ છે.

ભારતમાં નક્સલવાદી ચળવળ ૧૯૬૭ માં પશ્ચિમ બંગાળના નક્સલબારીમાં શરૂ થઈ હતી. તે એક સશસ્ત્ર ખેડૂત આંદોલન હતું જે ધીમે ધીમે એક વ્યાપક આતંકવાદી વિચારધારામાં વિકસિત થયું. ૧૯૭૦ અને ૧૯૮૦ ના દાયકામાં આ ચળવળ બિહાર, આંધ્રપ્રદેશ અને ઓડિશાના વિસ્તારોમાં ફેલાઈ ગઈ. ૨૦૦૪ માં ઘણાં સંગઠનોએ ભેગાં થઈને સીપીઆઈ (માઓવાદી) ની રચના કરી, જેનાથી તેને એક કેન્દ્રિય માળખું મળ્યું. ધીમે ધીમે છત્તીસગઢનો બસ્તર પ્રદેશ, તેનાં ગાઢ જંગલો અને મર્યાદિત સરકારી પહોંચ સાથે માઓવાદી ચળવળનો સૌથી મજબૂત ગઢ બન્યો. દંડકારણ્ય પ્રદેશમાં, નક્સલવાદીઓએ લોકોની અદાલતો, સશસ્ત્ર ટુકડીઓ અને સ્થાનિક નેટવર્ક સહિત એક સમાંતર માળખું સ્થાપિત કર્યું. સરકારના મતે, એક સમયે ૧૨ રાજ્યોમાં ફેલાયેલા રેડ કોરિડોરથી દેશના મોટા ભાગને અસર થઈ હતી, જ્યાં કરોડો લોકો રહેતાં હતાં. આ રેડ કોરિડોરમાં નક્સલવાદીઓ સમાંતર સરકાર ચલાવતાં હતાં. તેઓ લોકો પાસેથી કરવેરા ઉઘરાવતા હતા અને તેમને કેટલીક સુવિધાઓ પણ પ્રદાન કરતાં હતાં. ભારતનાં પોલિસ દળો અને સુરક્ષા બળો નક્સલવાદી પ્રદેશોમાં પગ મૂકતાં પણ ડરતાં હતાં. હવે આખી પરિસ્થિતિ બદલાઈ ગઈ છે.

ઘણા નિષ્ણાતો માને છે કે સરકાર માટેનો પડકાર અહીં સમાપ્ત થતો નથી. હજારો લોકોએ આત્મસમર્પણ કર્યું છે. તેમના માટે પુનર્વસન નીતિ વિકસાવવામાં આવી છે, જેમાં નાણાંકીય સહાય, કૌશલ તાલીમ અને રહેઠાણનો સમાવેશ થાય છે, પરંતુ આ લોકોને ટકાઉ રીતે મુખ્ય પ્રવાહમાં એકીકૃત કરવું સરળ નથી. માઓવાદના અંત સાથે એક પ્રકારનો શૂન્યાવકાશ સર્જાયો છે. તે કેવી રીતે ભરાય છે તે જોવાનું બાકી છે. સ્થાનિક સ્તરે લોકોમાં એવો પણ ડર છે કે હવે માઓવાદીઓનો પ્રભાવ ઓછો થઈ ગયો છે, તેથી તેમની જમીન મૂડીવાદીઓને આપી દેવામાં આવશે. આત્મસમર્પણ કરનારાં માઓવાદી કેડરોને લઈને પણ ઘણા પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે. સરકાર માટે ફક્ત પુનર્વસન યોજનાઓ બનાવવી પૂરતી નથી, પરંતુ સમાજમાં આ યોજનાઓ કેવી રીતે સ્વીકારાય છે તે જોવું પણ એટલું જ મહત્ત્વપૂર્ણ છે. સરકારે આત્મસમર્પણ કરનારાં માઓવાદીઓને માફ કરી દીધાં છે, પરંતુ શું હિંસામાં પોતાનાં પ્રિયજનો ગુમાવનારાં પરિવારો તેમને સ્વીકારી શકશે? જો આત્મસમર્પણ કરનાર કેડર સામે સ્થાનિક હિંસા થાય છે, તો તે વહીવટ માટે એક નવો પડકાર ઊભો કરી શકે છે. સુરક્ષા એજન્સીઓ સામે બાકીનાં નાનાં જૂથો ફરીથી એકઠાં ન થાય તે સુનિશ્ચિત કરવાનો પડકાર પણ છે. જંગલોમાં અગાઉ લગાવેલાં IED અને છુપાયેલા નેટવર્ક હજુ પણ ખતરો છે. સૌથી મહત્ત્વપૂર્ણ પ્રશ્ન એ છે કે સરકારે તાજેતરમાં જ્યાં પોતાની હાજરી સ્થાપિત કરી છે ત્યાં સ્થાનિક પ્રજાનો વિશ્વાસ કેવી રીતે સંપાદિત કરવો.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

સ્થાનિક સ્તરે લોકોમાં એવો પણ ડર છે કે હવે માઓવાદીઓનો પ્રભાવ ઓછો થઈ ગયો છે, તેથી તેમની જમીન મૂડીવાદી ઉદ્યોગપતિઓને આપી દેવામાં આવશે

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૨.૦૦, ૧૨.૪૦, ૪.૦૦, ૬.૦૦, રાત્રે ૯.૩૦, ૧૦.૦૦

RUPAM CINEMA

એડ.બુકીંગ થિયેટર અને bookmyshow.com પર ચાલુ છે.

RAJHANS® ગોપીતળાવ નવસારી બજાર, સુરત

સુપરડુપર હીટ, જબરજસ્ત ફુલ એક્શન

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

૧૦.૩૦, ૧૧.૪૫, ૧.૨૦, ૩.૦૦, ૪.૧૫, ૫.૪૦, રાત્રે ૮.૩૦, ૯.૧૫, ૧૦.૦૦

થિયેટર પર અને bookmyshow.com અને paytm પર એડવાન્સ બુકીંગ ચાલુ છે.

મૂથુટ હોમફિન (ઈન્ડિયા) લિ.
Muthoot Homefin
કોર્પોરેટ ઓફિસઃ યુનિટ નંબર 19-NE, 19મો માળ, ધ રૂબી, સેનાપતી બાપટ માર્ગ, રૂપારેલ કોલેજ પાસે, દાદર (વેસ્ટ), મુંબઈ, મહારાષ્ટ્ર- 400 028

કબજા નોટિસ (સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એન્ફોર્સમેન્ટ રૂલ્સ, 2002ના નિયમ 8(1) સાથે વંચાતા પરિશિષ્ટ IV મુજબ)

જ્યારે, અધોહસ્તાક્ષરિત સિક્યોરિટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ 2002 હેઠળ અને સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ 2002ના નિયમ 3 સાથે વંચાતી કલમ 13(2) હેઠળ મળેલી સત્તાની રૂએ મૂથુટ હોમફિન (ઈન્ડિયા) લિ. (MHIL)ના અધિકૃત અધિકારી હોવાને નાતે કંપનીના અધિકૃત અધિકારી દ્વારા અહીં નીચે જણાવેલ લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ)ને ઉક્ત નોટિસ મળ્યાની તારીખથી 60 દિવસની અંદર નોટિસમાં જણાવેલ રકમ ચૂકવવા માટે માંગણી નોટિસ(ઓ) જારી કરવામાં આવી હતી. લેણદાર રકમ ચૂકવવામાં નિષ્ફળ રહ્યા હોવાથી લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ)/ જામીનદાર(ઓ) અને સામાન્ય જનતાને આથી નોટિસ આપવામાં આવે છે કે અધોહસ્તાક્ષરિત વ્યક્તિએ ઉક્ત નિયમોના નિયમ 8 સાથે વંચાતી ઉક્ત એક્ટની કલમ 13(4) હેઠળ તેમને મળેલી સત્તાની રૂએ અહીં નીચે વર્ણવેલ મિલકતનો કબજો લીધો છે. ખાસ કરીને લેણદાર અને સામાન્ય જનતાને આથી મિલકત સાથે વ્યવહાર ન કરવા સાવધ કરવામાં આવે છે અને મિલકત સાથેનો કોઈપણ વ્યવહાર મૂથુટ હોમફિન (ઈન્ડિયા) લિ. ના અહીં નીચે જણાવેલ રકમ અને તેના પરના વ્યાજના બોજાને આધીન રહેશે. લેણદારનું ધ્યાન સુરક્ષિત અસ્કયામતો છોડાવવા માટે ઉપલબ્ધ સમયના સંદર્ભમાં, એક્ટની કલમ 13ની પેટા કલમ (8)ની જોગવાઈઓ તરફ દોરવામાં આવે છે.

ક્રમ	લેણદાર(ઓ)/ સહ-લેણદાર(ઓ) ના નામ/ લોન નં./ ખાતા નં./ શાખા	સુરક્ષિત અસ્કયામતોની ટૂંકી વિગત	માંગણી નોટિસની તારીખ અને કુલ બાકી લેણી રકમ (રૂ.)	કબજો લીધાની તારીખ
1.	સુરેશસિંહ લાલસિંહ વિશ્વકર્મા/ સંગીતા સુરેશસિંહ વિશ્વકર્મા/ 004-00404441/ સુરત	મોજે તાતીથૈયા, તાઃ પલસાણા, જીઃ સુરતના જૂના બ્લોક નં. 2, 4, 5, 11-એ, 12, 13-એ, 14, 15, 16, 39, 40-એ, 41, 42, 43, 157, 323-એ, 324, 326, અને નવા બ્લોક નં. 2 પૈકી પ્લોટ નં. 274 અને 275 ની જમીનના અવિભાજિત હિસ્સા સાથે "સ્વસ્તિક રેસીડેન્સી ઓફ સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2" માં આવેલ પહેલા માળે ફ્લેટ નં. 106, જેનું માપ 231 ચોરસ ફૂટ એટલે કે 21.46 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતી તમામ સ્થાવર મિલકત.	25-ઓક્ટો-2025/ રૂ. 4,50,342/- (અંકે રૂપિયા ચાર લાખ પચાસ હજાર ત્રણસો બેતાલીસ પુરા.)	28-Mar-2026
2.	પ્રકાશ નામદેવભાઈ ઉતેકર/ મનીષા પ્રકાશ ઉત્તેકર/ 004-00404355/ સુરત	ગામ બગુમરા, સબ-ડિસ્ટ્રિક્ટઃ પલસાણા, જીઃ સુરતના રેવન્યુ સર્વે નં. 93/1, બ્લોક નં.: 121 પર સ્થિત પ્લોટ નં.: 179, 180 અને 181 ની "સાઈદર્શન રેસીડેન્સી" ના "મારુતિ પેલેસ" તરીકે ઓળખાતા બિલ્ડિંગની નીચેની જમીનના અવિભાજિત પ્રમાણસર હિસ્સા સાથે બીજા માળે ફ્લેટ નં. 203 જેનું માપ આશરે 292.06 ચોરસ ફૂટ એટલે કે 27.13 ચોરસ મીટર છે તે મિલકત. મિલકતની ચતુઃસીમાઃ પૂર્વમાંઃ અડીને પ્લોટ નં. 184, 185, 186, પશ્ચિમમાંઃ અડીને સોસાયટી રોડ, ઉત્તરમાંઃ અડીને પ્લોટ નં. 178, દક્ષિણમાંઃ અડીને પ્લોટ નં. 182.	11-નવે,-2025/ રૂ. 5,05,397/- (અંકે રૂપિયા પાંચ લાખ પાંચ હજાર ત્રણસો સત્તાણું પુરા.)	28-Mar-2026
3.	નરેશભાઈ ભાલુભાઈ પટેલ/ ગીતાબેન ભાલુભાઈ પટેલ/ 004-00403842/ સુરત	રહેણાંક હેતુ માટે એન.એ. લેન્ડ પૈકી રેવન્યુ સર્વે નં. 271, બ્લોક નં. 264 ધરાવતી મોજેઃ ગામ તાતીથૈયા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત રાજ્યમાં સ્થિત જમીન પર વિકસિત "અનુરાગ રો હાઉસ" માં પ્લોટ નં. 71-એ જેનું માપ 42.21 ચોરસ મીટર છે, તેની સાથે રોડ અને સી.ઓ.પી. નો 7.00 ચોરસ મીટરનો અવિભાજિત હિસ્સો મળી કુલ 49.21 ચોરસ મીટરની સ્થાવર મિલકત. મિલકતની ચતુઃસીમાઃ પૂર્વઃ અડીને ઈન્ટરનલ રોડ, પશ્ચિમઃ અડીને, ઉત્તરઃ અડીને પ્લોટ નં. 72-એ, દક્ષિણઃ અડીને પ્લોટ નં. 71.	11-નવે.-2025/ રૂ. 10,71,889/- (અંકે રૂપિયા દસ લાખ એકોતેર હજાર આઠસો નેવ્યાસી પુરા.)	28-Mar-2026
4.	પ્રવીણ રામબહાદુર પાઠક/ મીનુ પ્રવીણ પાઠક/ 004-00402953/ સુરત	ફ્લેટ નં A-505, 5મો માળ, રાધે રેસીડેન્સી, બિલ્ડિંગ-A, શિવમ રેસીડેન્સીની સામે, સુરત-બારડોલી રોડ પાસે, કડોદરા, પલસાણા સુરત RS નં.102/1, 102/2, બ્લોક નં.104 105 પ્લોટ નં 101 થી 106 અને 123 થી 128 સુરત, ગુજરાત, 394310.	19-ઓગસ્ટ-2025/ રૂ. 4,70,539/- (અંકે રૂપિયા ચાર લાખ સિત્તેર હજાર પાંચસો ઓગણચાલીસ પુરા.)	28-Mar-2026
5.	પપ્પુ રામકરણ સરગરા/ સંતોષબેન પપ્પુ સરગરા/ 004-00405591/ સુરત	પ્લોટ નં.53-એ, રોયલ પાર્ક સોસાયટી, મહાવીર સ્ટીલ ફેક્ટરીની સામે, આમોદ પાટિયા ખારચ, ભરૂચ સુરત ગુજરાત 394120.	03-ઓક્ટો-2019/ રૂ. 11,07,361/- (અંકે રૂપિયા અગિયાર લાખ સાત હજાર ત્રણસો એકસઠ પુરા.)	28-Mar-2026
6.	દિલબહાદુર રખોરામ કુવર/ ભીષ્ણુ દિલબહાદુર કુંવર/ 004-00402980/ સુરત	મોજેઃ ગામ તાતીથૈયા, સબ-ડિસ્ટ્રિક્ટ અને તાલુકાઃ પલસાણા, જિલ્લોઃ સુરત, ગુજરાત રાજ્યમાં સ્થિત બ્લોક નં. 2, 4, 5, 11-એ, 12, 13-એ, 14, 15, 16, 39, 40-એ, 41, 42, 43, 157, 323-એ, 325, 326ના એકત્રીકરણ પછી બ્લોક નં. 2 એન.એ. લેન્ડ પૈકી "સોનીપાર્ક હાઉસિંગ સોસાયટી-2" તરીકે વિકસિત પૈકી પ્લોટ નં. 226 અને 227 જેનું માપ 139.40 ચોરસ મીટર છે, તેમાં આવેલ "રાજ પેલેસ"ના પહેલા માળે ફ્લેટ નં. 101 જેનું માપ 368 ચોરસ ફૂટ છે, જમીનના પ્રમાણસર અવિભાજિત હિસ્સા સાથેની સ્થાવર મિલકત.	25-ઓક્ટો-2025/ રૂ. 4,14,955/- (અંકે રૂપિયા ચાર લાખ ચૌદ હજાર નવસો પંચાવન પુરા.)	28-Mar-2026
7.	હર્ષલ ફકીરા ધોબી/ ભારતીબાઈ હર્ષલ ધોબી/ 004-00405520/ સુરત	ફ્લેટ નં 107, પહેલો માળ, શિવાલિક રેસીડેન્સી, સુરત બારડોલી રોડ, તાતીથૈયા પલસાણા સુરત ગુજરાત 394305.	03-ઓક્ટો-2019/ રૂ. 8,28,665/- (અંકે રૂપિયા આઠ લાખ અઠ્યાવીસ હજાર છસો પાંસઠ પુરા.)	28-Mar-2026
8.	પીયુષકુમાર મનસુખભાઈ મનિયા/ કેતન મનસુખભાઈ મનિયા/ 004-00000941/ સુરત	મોજે ગામ કામરેજ, તાઃ કામરેજ, જીઃ સુરતના રેવન્યુ સર્વે નં. 246/1 અને 247, બ્લોક નં. 242/એ, 242/બી, 242/સી, નવા બ્લોક નં. 242 જેનું માપ 3-07-99 ચોરસ મીટર એટલે કે 30799.00 ચોરસ મીટર છે તેમાં આવેલ "HRP બંગલોઝ" માં પ્લોટ નં. 155 જેનું માપ 66.97 ચોરસ મીટર છે, તેની સાથે રોડ અને સી.ઓ.પી. ની જમીનમાં 38.92 ચોરસ મીટરના અવિભાજિત હિસ્સા સાથેની તમામ સ્થાવર મિલકત.	23-સપ્ટે-2025/ રૂ. 22,73,289/- (અંકે રૂપિયા બાવીસ લાખ તોતેર હજાર બસો નેવ્યાસી પુરા.)	28-Mar-2026
9.	વિજયકુમાર રામકેર રામ/ શશિકલા વિજય રામ/ 004-00403560/ સુરત	ફ્લેટ નં.103, પહેલો માળ, શાલિભદ્ર રેસીડેન્સી, ડી.એમ. નગર, વિરાજ કોમ્પ્લેક્સની પાછળ સામે, સચિન પાલી રોડ પાસે, પાલી સચિન સુરત, ગુજરાત-394230, ઉત્તર-અડીને પ્લોટ, દક્ષિણ-ફ્લેટ નં.105, પૂર્વ-સીડી, પશ્ચિમ-પ્લોટ નં 102.	24-જુન-2025/ રૂ. 3,60,224/- (અંકે રૂપિયા ત્રણ લાખ સાઠ હજાર બસો ચોવીસ પુરા.)	29-Mar-2026
10.	શિવકુમાર રામરતન/ સીતાદેવી શિવકુમાર વર્મા/ 004-00000978/ સુરત	મોજે ગામ કડોદરા, તાઃ પલસાણા, જીઃ સુરતના રેવન્યુ સર્વે નં. 133, બ્લોક નં. 137/એ, હિસ્સા નં. 3, પૈકી પ્લોટ નં. 120 થી 123 પર સ્થિત "શ્રી સિદ્ધિ વિનાયક રેસીડેન્સી ઓફ હરિહંત પાર્ક સોસાયટી પાર્ટ-2" માં 7.00 ચોરસ મીટર જમીનના અવિભાજિત હિસ્સા સાથે ચોથા માળે ફ્લેટ નં. 402 જેનું માપ 352 ચોરસ ફૂટ સુપર બિલ્ટ અપ એરિયા અને 211 ચોરસ ફૂટ એટલે કે 19.60 ચોરસ મીટર બિલ્ટ અપ એરિયા ધરાવતી તમામ સ્થાવર મિલકત. ઉત્તર-પ્લોટ નં 124 થી 126, દક્ષિણ-રોડ, પૂર્વ-બ્લોક નં 133, પશ્ચિમ-પ્લોટ નં 119.	19-ઓગસ્ટ-2025/ રૂ. 5,27,607/- (અંકે રૂપિયા પાંચ લાખ સત્તાવીસ હજાર છસો સાત પુરા.)	29-Mar-2026
11.	ભાવેશભાઈ રવજીભાઈ વઘાસિયા/ હર્ષિદા ભાવેશભાઈ વઘાસિયા/ 004-00403578/ સુરત	ફ્લેટ નં A-304, ત્રીજો માળ, બિલ્ડિંગ નં.A, ક્રિસ્ટલ એવન્યુ, રાજપીપળા મેઈન રોડ પાસે, ગઢખોલ, અંકલેશ્વર, સુરત, ગુજરાત, 393001.	10-સપ્ટે-2019/ રૂ. 20,02,817/- (અંકે રૂપિયા વીસ લાખ બે હજાર આઠસો સત્તર પુરા.)	31-Mar-2026

તારીખઃ એપ્રિલ 03, 2026
સ્થળઃ સુરત

એસડી/- અધિકૃત અધિકારી, મૂથુટ હોમફિન (ઈન્ડિયા) લિમિટેડ

APPLE CINEMA
★ મસાજર બેડ ★ કપલ બેડ ★ વીઆઈપી રીકલાઈનર
૬ઠ્ઠી માળ, એક્ઝોનિક મોલ, મહાવીર સંસ્કારધામ, ઈસ્કોન મંદિર પાસે, જહાંગીરપુરા, સુરત. ☎: 99984 46007 : @applecinemasurat
Book Tickets Now from : bookmyshow.com paytm

ધુરંધર-2

રણવીરસિંહ, સંજયદત્ત, અર્જુન રામપાલ, રાકેશ બેદી, આર.માધવન, સારા અર્જુન

2D હિન્દી The Super Mario Galaxy Movie

ધ કેરળ સ્ટોરી-2

ઋણ વસૂલી અધિકારી—II
(ભારત સરકાર, નાણાં મંત્રાલય)
ત્રીજો માળ, ભીખુભાઈ ચેમ્બર્સ, કોચરબ આશ્રમ નજીક, પાલડી, અમદાવાદ—૩૮૦૦૦૬.
ટેલી.નં.૦૭૯—૨૬૫૭૯૩૪૩, ફેક્ષ : ૦૭૯—૨૬૫૭૯૩૪૧
ફોર્મ નં. ૧૪ [જુઓ નિયમન ૩૩(૨)]

આર.પી/આર.સી. નં.	૮૧/૨૦૧૬	ઓ.એ. નં.	૨૧૪/૨૦૧૫
બેંક ઓફ ઈન્ડિયા		પ્રમાણપત્ર ધારક બેંક	
વિરૂધ્ધ			
મેસર્સ સાંઈ ક્રિએશન અને અન્ય.		પ્રમાણીત દેવાદાર	

માંગણા નોટીસ

પ્રતિ,
પ્રમાણીત દેવાદાર નં. ૧ : મેસર્સ સાંઈ ક્રિએશન માલિક શ્રી દિનેશભાઈ પરસોત્તમભાઈ જાસોલીયાનું સરનામુ : પ્લોટ નં. ૧૨૮, જગદીશ નગર, એલ.એચ.રોડ, વરાછા રોડ, સુરત —૩૯૫૦૦૬.
પ્રમાણીત દેવાદાર નં. ૨ : શ્રી દિનેશભાઈ પરસોત્તમભાઈ જાસોલીયા નુ સરનામું : ફ્લેટ નં. ૧૦૮, નંદ પાર્ક સોસાયટી, એ.કે .રોડ, સુરત —૩૯૫૦૦૬.

માનનીય મુખ્ય ઓફિસર, ડેબ્ટ્સ રિકવરી ટ્રીબ્યુનલ—II અમદાવાદ દ્વારા પસાર કરાયેલ **ઓ.એ.નં.૨૧૪/૨૦૧૫** માં જારી કરાયેલ રિકવરી સર્ટિફિકેટને ધ્યાનમાં રાખીને **રૂા.૨૬,૭૦,૬૭૩.૦૦/— (અંકે રૂપિયા છવ્વીસ લાખ સીત્તેર હજાર છસો તોતેર પુરા) વ્યાજ સહિત તા.૨૪/૦૩/૨૦૧૫** ના રોજના અને **તા.૨૫/૦૩/૨૦૧૫** ના રોજથી વધારાનું વ્યાજ વત્તા કોસ્ટના **રૂા.૫૪,૦૦૦.૦૦** તમારી સામે બાકી છે. (જો, કોઈ રીકવરી થઈ હોય તો તે બાદ કરવામાં આવશે).

અહીં તમને જણાવવમાં આવે છે કે ઉપરોક્ત રકમ નોટીસ મળ્યાના ૧૫ દિવસમાં ભરપાઈ કરી દેવી તેમ કરવામાં કસૂર થયે નિયમ પ્રમાણે વસુલાત કરવામાં આવશે.

વધારામાં તમારે ઉપર દર્શાવેલ રકમ ઉપરાંત નીચે પ્રમાણે રકમ ચુકવવી પડશે.
(a) વસુલાત સર્ટીફીકેટમાં દર્શાવેલ શરત મુજબના ચુકવવા પાત્ર કોસ્ટ અને વ્યાજ
(b) બાકી રકમની વસુલાત માટે થતા તમામ કોસ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ જેવા કે નોટીસ અંગેની કાર્યવાહી અને અન્ય આગળની કાર્યવાહીના.

મારી સહી અને પંચના સિક્કા સાથે આપવામાં આવ્યું ૦૯/૦૩/૨૦૨૬

આગળની સુનાવણીની તારીખ : ૧૨/૦૬/૨૦૨૬

(સિક્કો)

(અનુભા દુબે)
વસુલી અધિકારી—I
ઋણ વસુલી અધિકરણ—II, અમદાવાદ

પારડી નગરપાલિકા
જી.વલસાડ
સ્વચ્છ ભારત — एक कदम स्वच्छता की ओर
નિવિદા નંબર-૦૨/૨૦૨૬-૨૭
ઓનલાઈન ટેન્ડરની જાહેર નિવિદા

પારડી નગરપાલિકા, કિલ્લા-પારડી, જિલ્લા.વલસાડ દ્વારા નીચે જણાવેલ કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

કામનું નામ	૧.અપસેટ કિંમત ૨.બાનાની રકમ ૩.ટેન્ડર ફી
પારડી નગરપાલિકામાં લેગસી વેસ્ટનો નિકાલ કરવાનું કામ	૧.રૂા.૨૦,૨૪,૬૧૭.૯૨/- ૨.રૂા.૨૦.૨૫૦/- ૩.રૂા.૧,૦૬૦.૦૦/-
વેબસાઈટનું નામ	https://tender.nprocure.com
ટેન્ડર ભરવાની છેલ્લી તારીખ	તા.૧૫/૦૪/૨૦૨૬ ૧૮-૦૦ કલાક સુધી
ટેન્ડર ફી, ઇ.એમ.ડી. (ડીમાન્ડ ડ્રાફ્ટ) તથા જરૂરી ડોક્યુમેન્ટ રજીસ્ટર પોસ્ટ એડી/ સ્પીડ પોસ્ટથી પહોંચતા કરવાની તારીખ, સમય તથા સરનામું	તા. ૨૩/૦૪/૨૦૨૬ ૧૮-૦૦ કલાક સુધી ચીફ ઓફિસર, પારડી નગરપાલિકા, તા.પારડી જી.વલસાડ.૩૯૬૧૨૫
ટેન્ડર ખોલવાની અંદાજીત તારીખ	તા.૨૪/૦૪/૨૦૨૬

ઉપરોક્ત ટેન્ડર માટે વધારાની માહિતી માટે ઉપરોક્ત વેબસાઈટ ઉપરાંત માહિતી વિભાગની વેબસાઈટ www.statetenders.com ઉપર જોવા વિનંતી. સદર કામ અંગેના તમામ હક્કો / અધિકાર નગરપાલિકા અબાધિત રાખે છે.

પ્રમુખ
પારડી નગરપાલિકા

ચીફ ઓફિસર
પારડી નગરપાલિકા

ન. માહિતી/વલસાડ/૧૫/૨૦૨૬

HDFC BANK — એચડીએફસી બેન્ક લિમિટેડ — પઝેશન નોટિસ

બ્રાન્ચ સરનામું : ૨૦૧-૨૦૪, રિદ્ધિ શોપર્સ, ઈમ્પીરીયલ સ્કવેર્સ સામે, અડાજણ-હજીરા રોડ, સુરત-૩૯૫૦૦૯.

એચડીએફસી બેન્ક લિમિટેડના (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) અધિકૃત અધિકારીઓને સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રક્શન ઓફ ફાયનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ હેઠળ કલમ ૧૩(૧૨), સિક્યોરિટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) રૂલ્સ, ૨૦૦૨ના રૂલ ૩ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી ઉપરોક્ત એક્ટની કલમ ૧૩(૨) હેઠળ નીચેના બોરોઅર/કાયદેસરના વારસ(સો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને ડિમાન્ડ નોટિસ પાઠવવામાં આવેલ, જે અનુસાર તેમના જે તે નામ સામે દર્શાવેલ રકમ સહિત નોટિસમાં દર્શાવાયેલ તે રકમ ઉપરનું વ્યાજ, નોટિસ તારીખથી ૬૦ દિવસમાં ચૂકવી આપવા જણાવાયેલ છે. જે મુજબ પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવી અને/અથવા જમા થાય ત્યાં સુધીના આપવાના રહેશે.

અનુ. નં.	બોરોઅર/કાયદેસરનાં વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નાં નામ	તારીખના રોજ બાકી લેણાં* રૂ.	ડિમાન્ડ નોટિસ તારીખ	પઝેશન તારીખ ફીઝિકલ/ સિમ્બોલીક	સ્થાવર મિલકત(તો) / સલામત અસ્કયામત(તો) નું વર્ણન
(એ)	(બી)	(સી)	(ડી)	(ઈ)	(એફ)
૧	**શ્રી કેવલકુમાર જયંતીભાઈ પટેલ (બોરોઅર) શ્રીમતી વનિતાબેન પટેલ (કો-બોરોઅર) ૧૯૮૭૪૪-૬૬૬૬૮૮૭૦૦, ૬૬૫૬૬૯૦૧૨**	**રૂા.૧૩,૬૮,૭૭૬/- અને રૂા.૩૯,૪૯૧/- અનુક્રમે ૩૧ મે, ૨૦૨૫ના રોજ***	**૦૪ જુલાઈ, ૨૦૨૫**	**૨૯ માર્ચ, ૨૦૨૬ ફીઝિકલ**	**રો હાઉસ-૧૦૮, સિદ્ધિ વિનાયક રેસિડેન્સી, સ.નં. ૫૨/૧, બ્લોક-૪૫, શબરીધામ પાછળ, આર્યન વિલા પાસે, બાબેન, બારડોલી, સુરત-૩૯૪૬૦૧.**

* લાગુ પડતા વધારાના વ્યાજ સાથે, પ્રાસંગિક ખર્ચા, અન્ય ખર્ચા, ચાર્જિસ વગેરે ચૂકવણી/જમા થાય ત્યાં સુધીના ગણાશે.

જો કે, અહીં ઉપર દર્શાવેલ બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ) બાકી લેણી નીકળતી રકમ ચૂકવવામાં નિષ્ફળ ગયેલ છે, તેથી આ સાથે ઉપરોક્ત બોરોઅર/કાયદેસરના વારસદાર(રો) અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને સૂચના આપવામાં આવે છે કે, **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના અધિકૃત અધિકારી/ઓ (ભૂતકાળમાં **એચડીએફસી લિ.**, જેનું નામદાર એનસીએલટી-મુંબઈ ના તારીખ ૧૭ માર્ચ, ૨૦૨૩ના આદેશ મુજબ મંજુર થયેલ એકીકરણ યોજના અનુસાર **એચડીએફસી બેન્ક લિમિટેડ** સાથે એકીકરણ થયેલ છે) દ્વારા ઉપરોક્ત એક્ટની કલમ ૧૩ (૪) હેઠળ અને ઉપરોક્ત નિયમના નિયમ ૮ સાથે વાંચતા મળેલ સત્તાને આધિન રહી, ઉપરોક્ત તારીખોએ અહીં ઉપર દર્શાવેલ સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટનો **કબજો** મેળવી લેવામાં આવેલ છે.

અહીં ઉપરોક્ત બોરોઅર/કાયદેસર વારસો અને કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વ્યક્તિગત રીતે અને જાહેર જનતાને આ સાથે સાવધાન કરવામાં આવે છે કે ઉપરોક્ત સ્થાયી પ્રોપર્ટી/સિક્યોર્ડ એસેટ સાથેનો કોઈ સોદો કરાશે તો તે **એચડીએફસી બેન્ક લિમિટેડ**ના ગિરો હકને આધિન રહેશે.

બોરોઅર(સ) / કાયદેસરના વારસ (દારો) / કાયદેસરના પ્રતિનિધિ(ઓ)નું ધ્યાન દોરવામાં આવે છે કે એક્ટની કલમ-૧૩ ની પેટા કલમ (૮) ની જોગવાઈઓ અનુસાર સમય રહેતાં પોતાની સલામત અસ્કયમાત/તો છોડાવી લે.

કરવામાં આવેલ પંચનામું અને તૈયાર કરાયેલ ઈન્વેન્ટરી નીચે સહી કરનાર પાસે ઉપલબ્ધ છે; અને ઉપરોક્ત બોરોઅર(સ) / કાયદેસરના વારસદાર(રો)/ કાયદેસરના પ્રતિનિધિ(ઓ)ને વિનંતી છે કે જે તે નકલ નીચે સહી કરનાર પાસેથી કામકાજના દિવસોએ કામકાજના સમય દરમિયાન મેળવી લે.

તારીખ : ૦૨-૦૪-૨૦૨૬
સ્થળ : સુરત

વતી, એચડીએફસી બેન્ક લિ.
સહી/- અધિકૃત અધિકારી

રજિ. ઓફિસ : એચડીએફસી બેન્ક લિ., એચડીએફસી બેન્ક હાઉસ, સેનાપતી બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૧૩.
CIN : L65920MH1994PLC080618, Website: www.hdfcbank.com

RAJ IMPERIAL ધુરંધર-2 ખૂંખાર એક્શન થ્રીલર
DOLBY ATMOS INOX
ATMOS : 7.30 am, 8.20 am, 9.00 am, 12.00 pm, 12.50 pm, 1.30 pm, 4.30 pm, 5.20 pm, 5.55 pm, 9.00 pm, 9.50 pm, 10.20 pm,
રેગ્યુલર : 11.10 am, 2.00 pm, 3.40 pm, 8.15 pm, 11.00 pm
વરાછા સરથાણા નેચર પાર્ક પાસે
For Booking Movie Tickets @ Raj Imperial Inox Call On 02612577777

હિન્દી એક્શન થ્રીલર
Project Hail Mary
8.00 am, 9.00 am, 12.10 pm, 3.20 pm, 6.30 pm, 9.40 pm

3D હિન્દી-બાળકો જુઓ
The Super Mario Galaxy Movie
9.30 am, 11.45 am, 6.30 pm, 8.45 pm